# તલોદમાં ભૂંડનો આતંક : બે યુવાનોને બચકા ભર્યા

તલોદ, તા. ૨૩

સાબરકાંઠા જિલ્લાના તાલુકા મથક તલોદ નગરના રેલવે સ્ટેશન વિસ્તારમાં ઝનુની અને કાતિલ બનેલા એક મહાકાય ભૂંડે બે યુવાનોને પોતાના તીક્ષ્ણ જડબાનો શિકાર બનાવી લોહીયાળ હાલતમાં ધકેલી દેતાં લગ્નના આનંદમય માહોલમાં હડકાયા મનાતા ભૂંડની દહેશતનો માહોલ વ્યાપક બન્યો હતો. ભૂંડે રેલવે પટરીઓની બાજુની વનરાજીઓમાંથી દોડી આવી એક વેપારી યુવાન ઉપર રીતસરનું આક્રમણ કર્યું હતું. તેઓને છોડાવવા જનાર એક યુવાન મહેમાનને પણ આ ભૂંડે બચકાં ભરી લોહી માંસના લોચા કાઢી નાંખ્યા હતા. ભૂંડના તિક્ષ્ણ જડબાનો શિકાર બનેલા બંને ઈજાગ્રસ્તોને તત્કાલ એક ખાનગી હોસ્પિટલમાં સારવાર લેવાની ફરજ પડી હતી.

દિગંબર જૈન સમાજના આજે યોજાનાર સમૂહલગ્નમાં ભાગ લેવા સુરતથી આવેલ સ્વજન મહેમાન સાથે તલોદના વેપારી મહેશભાઈ રમણલાલ શાહ તલોદ એસ.ટી. સ્ટેન્ડથી રેલવેના પાટા ક્રોસ કરી આવતા હતા ત્યારે રેલવે પંથકમાં આડેધડ ફાલેલી નકામી વનસ્પિતના જંગલ જેવા ઝુંડમાંથી એક મહાકાય ભૂંડ દોડી આવ્યું હતું. મહેશભાઈ કંઈ સમજે વિચારે કે બચવાની કોશિષ કરે તે પહેલાં તો ભૂંડે તેમના પર આક્રમણ કરી બચકાં ભરી લીધા હતા અને મહેશભાઈને જાણે શિકાર માટે ઝાડીઓના ઝુંડ તરફ લઈ જવાની કોશિશ કરવા લાગ્યું ત્યારે સુરતથી આવેલા સ્વજન અને મહેમાન એવા અશોકભાઈ છોટાલાલ ગાંધીએ મહેશભાઈને ભૂંડના મરણતોલ ત્રાસમાંથી છોડાવવા વચ્ચે પડતાં જ ઘાતક બનેલા મહાકાય ભૂંડે અશોકભાઈ ઉપર પણ લોહીયાળ અને ઘાતક હુમલો કર્યો હતો.

આમ થતાં ભારે ભયનો માહોલ ઉદભવ્યો હતો. ઈજાગ્રસ્તોની કાગારોળથી કેટલાક લોક દોડી આવતાં જંગલી અને શિકારી ભાસતું ભૂંડ નિર્જન વન સમી વનસ્પતિના ઝૂંડમાં રાત્રિના અંધકારનો લાભ લઈ ગરકાવ થઈ ગયું હતું.

આજે બપોરે નગરજનોની અને રાહદારીઓની પણ સલામતી ખાતર આ કાતિલ ભૂંડને ઝડપી લેવામાં આવ્યું હતું. જો કોઈ બાળકને તે ઘસડી ગયું હોત તો તેનો અચૂક શિકાર કરી મોતને ઘાટ ઉતારી દેવામાં તે સફળ રહ્યું હોત.

ભૂંડના આતંકી ત્રાસનો શિકાર બનેલ વેપારીએ ત્રણ ચાર વખત ભૂંડના સકંજામાંથી બચવા નિષ્ફળ પ્રયાસો કર્યા હતા. ત્રણેક વખત તેઓ ઘટના સ્થળે પટકાઈ પડયા હતા ત્યારે પુનઃ ભૂંડે હુમલો કરી તેઓને ભારે ઈજાગ્રસ્ત બનાવી દીધા હતા. આમ થતાં લગ્નમાં મહાલવા આવેલા પ્રાન્ત-પરપ્રાન્તના લોકોમાં ભારે દહેશતનો માહોલ પેદા થયો હતો.



## મોડાસાના ગરીબ પરિવારોની મદદે મોડાસા જાયન્ટસ ગ્રુપ આવ્યું

ઠંડીની ઋતુમાં વરસાદી માહોલના કારણે ફૂટપાથ ઉપર જીવન ગુજારતા ગરીબ પરિવારોની મદદે મોડાસા જાયન્ટસ ગ્રુપ અને સરકારી તંત્ર દ્વારા વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. આ ગરીબ પરિવારને વહારે જાયન્ટસ ગ્રુપના પ્રમુખ રાકેશભાઈ પટેલ, નવનીતભાઈ પરીખ, નિલેશભાઈ જોષી, ધર્મેન્દ્રભાઈ ત્રિવેદી, મામલતદાર વિશાલ સકસેના, રમણભાઈ તથા સભ્યોએ ઉપસ્થિત રહી રહેવાની વ્યવસ્થા ગોઠવી આવી હતી. (જીતેન્દ્ર પટેલ, મોડાસા)



દાંતીવાડા તાલુકાના ડેરી ગામનો રબારી ઈસમ સવારના સમયે પોતાના ખેતરેથી ઘરે ભેંસો દોવા માટે જઈ રહ્યો હતો તે સમય દરમિયાન સામેથી આવી અચાનક બે રીંછોએ હુમલો કરી દીધો હતો.

મળતી માહિતી દાંતીવાડા તાલુકાના ડેરી ગામના રહેવાસી રબારી દિપાભાઈ પોચાજી જેઓ રીંછના હુમલાના ભોગ બન્યા છે જેઓના જણાવ્યા મુજબ તેઓ પોતાના ખેતરેથી સવારના અંદાજીત સાત વાગ્યાના સમયે ભેંસો દોવા માટે ઘરે જઈ રહ્યા હતા. તે સમયે ગામની જોડે ફોરેસ્ટ ચોકી ઓફીસની પાછળના ભાગેથી રસ્તો પસાર થાય છે અને તે રસ્તે ગાંડા બાવળોના ઝાડવા વધુ પ્રમાણમાં છે એ રસ્તા ઉપરજ સામેથી અચાનક બે રીંછોએ તેઓ પર હુમલો કરી દીધો હતો, તે સમયે તેઓએ બુમો પાડી હતી જેના પગલે આજુબાજુથી લોકો એકત્રિત થઈ ગયા હતા અને રીંછો નાસી છુટ્યા હતા. પરંતુ તેઓના ડાબા હાથની આંગળીઓ તેમજ હાથના પંજાના સાગે રીંછે નાની મોટી ઈજાઓ પહોંચાડી હતી. તેથી તેમના કુટુંબીજનો દ્વારા તેઓને જેગોલ પીએચસી ખાતે સારવાર અર્થે લઈ જવાયા હતા. (તસવીર : પ્રવીણ પટેલ, દાંતીવાડા)

# પાલનપુર ખાતે આપ પાર્ટીની બેઠક યોજાઈ

પાલનપુર, તા. ૨૩

લોકસભાની ચૂંટણીના પડઘમ વાગી રહ્યા છે. ત્યારે આમ આદમી પાર્ટીએ હવે રાજકીય પક્ષોની ઉંઘ હરામ કરવા લોકસભાની ચૂંટણીમાં ઝંપલાવવાનું મન બનાવી લીધું છે. જેના ભાગરૂપે આમ આદમી પાર્ટીએ ગુજરાતની લોકસભાની તમામ ૨૬ બેઠકોની સમીક્ષાનો દોર શરૂ કર્યો છે.

આજે બનાસકાંઠા જિલ્લા લોકસભા સીટની સમીક્ષા બેઠક પાલનપુર ખાતે યોજાઈ હતી. આમ આદમી પાર્ટીના એક્ઝુકેટીવ મેમ્બર દિનેશ વાઘેલા અને ભાજપના માજી ધારાસભ્ય ડૉ. કનુ કલસરીયા આજે પાલનપુર આવી પહોંચ્યા હતા. જ્યાં તેઓએ બનાસકાંઠાના ડાયરેક્ટરો સાથે બનાસકાંઠા લોકસભાની સીટની સમીક્ષા કરી હતી. આ પ્રસંગે ડૉ. કનુ કલસરીયાએ જણાવ્યું હતું કે, આમ આદમી પાર્ટી રાજ્યની તમામ ૨૬ બેઠકોનો સમીક્ષા દોર શરૂ કર્યો છે અને લોકસભાની ચૂંટણીને લઈને કાર્યકરોને જરૂરી માર્ગદર્શન પુરૂ પાડવામાં આવી રહ્યું છે.

આ સમીક્ષા બેઠકમાં બનાસકાંઠા આમ આદમી પાર્ટીના સંજય રાવલ, રવિ સોની, સફરાજ સિંધી સહિત મોટી સંખ્યામાં કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા.

# પાલનપુરમાં મતદાન જાગૃતિ કાર્યક્રમ યોજાયો

પાલનપુર, તા. ૨૩

લોકસભાની ચૂંટણી આવી રહી છે ત્યારે રાજકીય પક્ષોની સાથે પ્રશાસન પણ હરકતમાં આવી ગયું છે. ચૂંટણી પંચની માર્ગદર્શિકા અનુસાર આજે પાલનપુરની મહિલા આર્ટસ કોલેજ ખાતે પ્રશાસન દ્વારા મતદાન જાગૃતિ કાર્યક્રમ યોજાયો હતો.

આગામી ૨૫મી જાન્યુઆરીની 'રાષ્ટ્રીય મતદાતા દિવસ' તરીકે ઉજવણી થાય છે. જેના ભાગરૂપે પાલનપુરની એન.પી. પટેલ મહીલા આર્ટ્સ કોલેજ ખાતે આજે 'મતદાન જાગૃતિ' અભિયાન શરૂ કરાયું હતું. જેમાં ચૂંટણી ટાણે મતદાતાઓ જાગૃત બની તંદુરસ્ત લોકશાહી પ્રણાલી જળવાઈ રહે તે માટે વધુમાં વધુ મતદાન કરે તેના પર ભાર મુકાયો હતો. આ પ્રસંગે કોલેજની છાત્રાઓએ મતદાન કરવાનો સંકલ્પ વ્યક્ત કર્યો હતો.

લોકશાહીના ઉત્સવ સમી આગામી લોકસભાની ચૂંટણીમાં મતદારોએ પણ ઉત્સાહભેર સહભાગી બને તેવા હેતુથી યોજાયેલા આ કાર્યક્રમમાં પાલનપુરના પ્રાંત અધિકારી જે.બી. દેસાઈ, નાયબ મામલતદાર હનીફભાઈ, નાયબ મામલતદાર ભગવતીબેન સહીત કોલેજના એન.એસ.એસ. વિભાગે ભાગ લીધો હતો. આ કાર્યક્રમનું સફળ સંચાલન એન.એસ.એસ. વિભાગના કન્વીનર પ્રા. કલ્પનાબેન ભટ્ટે કર્યુંહતું.



(તસવીર : હરેશ જોષી, પાલનપુર)

# સુરતમાં ભરબપોરે સોનીની ઘાતકી હત્યા : ભારે ચકચાર

અમદાવાદ, તા. ૨૩

અમદાવાદમાં એક વ્યક્તિની તાજેતરમાં જ કરવામાં આવેલી હત્યા અને લૂંટના મામલાનો ઉકેલ આવ્યો નથી ત્યારે આજે અતિ વ્યસ્ત સુરતમાં પણ સોનીની દુકાનમાં એકની ઘાતકી હત્યા કરીને લૂંટ ચલાવવામાં આવતા સનસનાટી મચી ગઈ હતી.

સુરતના અંબાજી ચકલા વિસ્તારમાં આ બનાવ બન્યો હતો. ઘટનાની જાણ થતાં વરિષ્ઠ પોલીસ અધિકારીઓ તેમની ટીમ સાથે પહોંચી ગયા હતા અને મામલાની તપાસ હાથ ધરી હતી. રાજ્યમાં સોની સમુદાયના લોકોને હાલમાં ટાર્ગેટ બનાવવામાં આવી રહ્યા છે જેથી દહેશત ફેલાઈ ગઈ હતી. મળેલી માહિતી મુજબ અંબાજી ચકલા વિસ્તારમાં આવેલા સોની સંકુલમાં ગ્રાઉન્ડ ફ્લોરમાં સોનાની લે વેચ કરનાર ૪૫ વર્ષીય રાજેન્દ્રભાઈ પવાર ઉપર આજે બપોરે કેટલાક શખ્સોએ હુમલો કરી દીધો હતો અને તેમની હત્યા કરી દેવામાં આવી હતી. આ શખ્સો હુમલો કરીને સોનાની વસ્તુઓ લઈને ફરાર થઈ ગયા હતા. અત્રે ઉલ્લેખનીય છે કે, અમદાવાદ શહેરના શિવરંજની ચાર રસ્તા નજીક હાલમાં જ બુલિયન કારોબારી હિતેષ ઝવેરી ઉપર ગોળીબાર કરવામાં આવ્યો હતો જેમાં તેમનું મોત થયું હતું. આ મામલામાં પણ કરોડોની રકમ લઈને કેટલાક શખ્સો ફરાર થઈ ગયા હતા જેમાં પોલીસને હજુ સુધી સફળતા હાથ લાગી નથી.

# નેતાજી શુભાષ સ્મારક સમિતિ દ્વારા પાલનપુર મુકામે નેતાજીની પ્રતિમાને શ્રદ્ધાસુમન અર્પણ કરાયા

પાલનપુર, તા. ૨૩

દેશને ગુલામીની જંજીરોથી મુક્ત કરાવવા માટે પોતાનું સર્વસ્વ ન્યોછાવર કરનાર મહાન સપુત અને આઝાદ હિંદ ફોજના સ્થાપક સુભાષચંદ્ર બોઝની ૧૧૭મી જન્મ જયંતિ નિમિત્તે પાલનપુર મુકામે કિર્તીથંભ પાસે આવેલા સુભાષચંદ્ર બોઝની પ્રતિમાને શહેરના નાગરિકોએ શ્રદ્ધા સુમન અર્પણ કર્યા હતા. પાલનપુરના રેલવે સ્ટેશન માર્ગ ઉપર આવેલ નેતાજીની પુર્ણ કદની પ્રતિમાને નેતાજી શુભાષ સ્મારક સમિતિ દ્વારા કાળા રંગને બદલે વાસ્તવિક કલરમાં રંગાવીને આકર્ષક સ્વરૂપ આપવામાં આવ્યું હતું. પ્રતિમાનું નયનરમ્ય સ્વરૂપ દેખી ત્યાંથી પસાર થનાર નાગરિકોને અનુમોદન આપ્યું હતું. તથા સમિતિના આ કાર્ય કરવા બદલ ખુશી વ્યક્ત કરી હતી.


પ્રતિમા સ્થળ ઉપર ૨૩ જાન્યુઆરી, ગુરૂવારના રોજ સવારે ૯.૩૦ વાગે સુભાષચંદ્ર બોઝ અમર રહો, નેતાજી અમર રહો ના ગગનભેદી નારા સાથે ઉપસ્થિત રહેલા નાગરિકોએ પ્રતિમાને ફૂલમાળા પહેરાવી પુષ્પાંજલિ અર્પણ કરી હતી. આ પ્રસંગે પાલનપુરના નેતાજી સુભાષ સ્મારક સમિતિના પ્રમુખ રાજેન્દ્ર ધારીવાલ, ઉપપ્રમુખ હરેશભાઈ મોદી, મંત્રી મહેન્દ્રસિંહ ભાટી, કનકભાઈ પંડ્યા તથા પાલનપુર નગરપાલિકાના પ્રમુખ હસમુખભાઈ પઢિયાર, માજી કારોબારી સભ્ય તુલસીભાઈ લુહાણા, ડૉ. સુરેન્દ્ર ગુપ્તા, પ્રકાશભાઈ પરમાર, મનુભાઈ પ્રજાપતિ, અજયભાઈ પંડ્યા તથા મુકેશભાઈ સુથાર (યુજીવીસીએલ) સહ વિશિષ્ટ મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. તથા દેશભક્તિના ગીતોની સાથે પ્રતિમાને શ્રદ્ધા સુમન અર્પણ કરાયા હતા.

# પાલનપુરમાં લોકજન શક્તિ પાર્ટી દ્વારા દલિત હીજરતી પરિવારો માટે ધરણા


પાલનપુર, તા. ૨૩

ડીસામાં છેલ્લા પાંચ વર્ષથી માલતદાર કચેરીએ ડીસા તાલુકા ઘાડા ગામના દલિત પરીવારો જમીન માગણી લઈને સરકારી જમીન પર ધામા નાખ્યા છે. હજુ સુધી રાજ્ય સરકારે કોઈ પગલા નહી લેતા હવે ન્યાય માટે લોક જનશક્તિ પાર્ટી દલિત હીજરત પરીવારોને રાજ્ય સરકાર જમીન આપે તેવા આંદોલન સૂર સાથે આજથી ત્રણ દિવસ ધરણાનું આયોજન કરવામાં આવ્યું છે.

પાલનપુર ખાતે જોરાવેર પેલેસના મુખ્ય ગેટ પાસે ધરણા યોજી રાજ્ય સરકાર પાસે હજરતી દલીત પરીવારો ન્યાય આપવાની માંગણી કરી હતી. આ ધરણામાં છેલ્લા દિવસે પાર્ટી રાષ્ટ્રીય અધ્યક્ષ રામવિલાસ પાસવાન પણ જોડાશે. આજથી પ્રારંભ થયેલ ધરણામાં ગુજરાતના પાર્ટી અધ્યક્ષ મુકેશ ગુર્જર પણ જોડાયા છે અને તેમણે જણાવ્યું હતું કે દલિત હીજરતી પરીવારોને ન્યાય નહી મળે તો દિલ્હી જંતરમંતર પર ધરણા કરવાની ચીમકી આપી હતી. જો કે હાલમાં લોકસભાની ચૂંટણીના પડધમ વાગી રહ્યા છે ત્યારે રાજકીય પક્ષો પોતાનો રોટલો શેકવા મેદાનમાં આવ્યા છે.



(તસવીર : હરેશ જોષી, પાલનપુર)



## શબ્દાવલી - ૫૨૯૬

### આડી ચાવી

૧. ભૂમિ, જમીન (૩)
૩. પ્રયોગ (૪)
૬. બાતલ, કેન્સલ (૨)
૭. આયોજન (૩)
૮. રખ્યા (૨)
૯. શાયરો... કવિઓની મહેફિલ (૪)
૧૦. દીદી, ભગીની (૨)
૧૪. કંજૂસ, લોભી (૩)
૧૫. રસવાળુ, શાકમાં.... કરવો (૨)
૧૭. શાળાના અભ્યાસનો સમય ગાળો (૨)
૧૮. દુનિયા, જગ (૨)
૧૯. જીવ (૨)
૨૦. એક, દો, ... ચાર, પાંચ(૨)

### ઊભી ચાવી

૧. રસ્તાનો જાણકાર, ગાર્ડ(૩)
૨. કારસ્તાન (૪)
૪. શોક પ્રદર્શિત કરવો,... કરવો (૪)
૫. રોગનો ફેલાવો થવો (૪)
૮. ગાંધીનગરની નજીકનું એક ગામ (૪)
૧૦. ક્રેડિટકાર્ડ, શાખ દર્શાવતો કાગળ (૪)
૧૧. વાજાવાળાનો સમૂહ (૪)
૧૩. છૂટાછેટા, તલાક (૪)
૧૪. દુર્બળ (૨)
૧૬. પતિની ઉપપત્નિ (૩)

### શબ્દાવલી ૫૨૯૫ના જવાબ

**આડી ચાવી :-** (૧) મળસકુ (૪) ધોલાઇ (૬) બૂલબૂલ (૮) તાબૂત (૧૦) રૂમ (૧૧) વરૂ (૧૨) ફિયાસ્કો (૧૫) દરમાયો (૧૭) દરજો (૧૯) લિબાશ (૨૦) ચાડીયો (૨૨) કોલર (૨૩) ભાવી

**ઊભી ચાવી :-** (૧) મળતાવડુ (૨) સબૂત (૩) કુલ (૪) ધોલ (૫) ઇન્કમ (૭) બુનિયાદ (૯) બુરૂ (૧૩) સ્કોર (૧૪) દરબાર (૧૬) માવડી (૧૭) દલિલ (૧૮) જોશ (૨૦) ચાવી (૨૧) ચોક

# તાલુકા સ્વાગત કાર્યક્રમમાં લોકોને સંભાળતા બનાસકાંઠા કલેકટર

દાંતીવાડા, તા. ૨૨

દાંતીવાડા મામલતદાર ઓફિસ ખાતે તાલુકા સ્વાગત કાર્યક્રમ અર્થે જવાબદાર અધિકારીઓને સાથે રાખી હતી. જે બાબતે ફરિયાદ કરનાર લોકોને તેમના પ્રશ્નોને લઈ તેમને સાંભળવામાં આવ્યા હતા અને જવાબદાર અધિકારીઓને સાથે રાખી તેમના દ્વારા એ જમીનને કોઈ ઉદ્યોગને ન ફાળવી અને ગામતળમાં સમાવેશ કરી ગરીબ પરિવારોને રહેણાંક પ્લોટ ફાળવવા એ પ્રશ્નને લઈ જણાવ્યું હતું



(તસવીર : પ્રવિણ પટેલ, દાંતીવાડા)

લોકોના પ્રશ્નો તેમજ લોકોની ફરિયાદો સાંભળતા બનાસકાંઠા કલેકટર અને સત્વરે પ્રશ્નોના નિરાકરણો લાવવા સૂચનાઓ પણ કરી હતી.

મળતી માહિતી મુજબ તાલુકા સ્વાગત કાર્યક્રમમાં લોકોમાંથી કરાયેલી ફરિયાદોને લઈ બનાસકાંઠા, કલેકટર જી.જે. હિંગરાજીયા જવાબદાર અધિકારીઓને સાથે રાખી દાંતીવાડા મામલતદાર ઓફિસ ખાતે ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમમાં તાલુકામાંથી લોકોની ફરિયાદો સ્વાગત કાર્યક્રમમાં કરાઈ હતી. જેમ કે બસોને લગતી, વીજળીને લગતી, રેશનકાર્ડને લગતી, રસ્તાઓની સાઈડેથી ગાંડા બાવળો દૂર કરવા, રસ્તાઓ બનાવવા આમ નાની મોટી ૧૪ જેટલી ફરિયાદો ઉઠવા પામી પ્રશ્નોના નિરાકરણ લાવવા સૂચનાઓ અપાઈ હતી. આ બધી ફરિયાદોમાં કોલોનીમાં બીએસએફ ગેટથી મામલતદાર ઓફીસ જવાના રસ્તે ટ્રાફિકની સમસ્યાએ માથું ઉંચકયું છે. જેથી એ રસ્તે આવવા જવાની વખતે વાહન ચાલકોને ભારે તકલીફ વેઠવી પડે છે. જે ફરિયાદને લઈ કલેકટર સાહેબ દ્વારા દાંતીવાડા આઉટ પોસ્ટ જમાદાર જસુભાઈને સુચના આપવામાં આવી હતી કે નડતર રૂપ પાર્ક કરાતા વાહનોના માલિકો સામે કાયદાકીય પગલાં લેવા જેથી કરી ટ્રાફિકની સમસ્યા પર અંકુશ લાવી શકાય. ત્યારબાદ હમણાં જ રાવળવાસ ગામે સરકારી જમીનની માપણી કરવામાં આવી હતી જે વાતને લઈ ગામના સરપંચ તેમજ ગામ લોકો કે કોઈ ખાનગી કંપનીને આપવાની હશે તો એમાં અમે બ્રેક લગાવશું અને રહેણાંક પ્લોટની વાતને લઈ એમ જણાવ્યું હતું કે પંચાયત દ્વારા સર્વે કરાવી કેટલા જરૂરિયાતમંદ છે અને જો જરૂરિયાત જણાશે તો એ પણ જરુરિયાત પુરતી ફાળવીશું આમ લોકોના બધા પ્રશ્નોને શાંતિ પૂર્વક સાંભળ્યા હતા.

## ધનસુરામાં સાત કરોડના ખર્ચે કોર્ટ સંકુલ નિર્માણ પામશે

ધનસુરા, તા. ૨૩

રાજ્ય સરકાર દ્વારા ધનસુરામાં કોર્ટ સંકુલ નિર્માણ પામે તે માટે સાત કરોડ જેટલી રકમ ફાળવતા ધનસુરાની પ્રજામાં આનંદની લાગણી થવા પામી છે.

ધનસુરા ખાતે આવેલી જે.એચ. હાઈસ્કૂલ સામે કોર્ટ સંકુલ નિર્માણ પામશે. જેમાં કોર્ટ સંકુલની સાથે, જજ બંગલો અને સ્ટાફ ક્વાટર્સ બનાવવામાં આવશે. આ માટે સરકાર દ્વારા સાત કરોડ જેટલી માતબર રકમ ફાળવવામાં આવી છે જેનું નિર્માણ યુદ્ધના ધોરણે શરૂ કરવામાં આવશે.

## બઢતીનો ગંજીફો... ● પહેલા પાનાનું ચાલુ

ઓફિસમાંથી જિ.પં.માં જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના શ્રી સૈયદને તાલુકા હેલ્થ ઓફિસ દહેગામ તેમજ એમ.બી. ત્રિવેદીને જિ. પંચાયતમાંથી બ્લોક હેલ્થ ઓફિસ ગાંધીનગરમાં બદલી કરાઈ છે.

બે જુનિયર ક્લાર્ક શ્રી એસ. આઈ. ચાવડાની આઈસીડીએલમાં કલોલથી આઈસીડીએલ ગાંધીનગર ઘટક-૧માં અને એન.એન. પટેલની માણસા તા.પં.માંથી જિલ્લા પંચાયતમાં બદલી કરવામાં આવી છે. આજે કરાયેલા બદલીના હૂકમો પંચાયતના વર્તુળોમાં ભારે ચર્ચા જગાવી છે.

## કમળ ખીલશે... ● પહેલા પાનું ચાલુ

દેખાઈ રહી છે. મુખ્યમંત્રી પૃથ્વીરાજ ચૌહાણની ક્લીન ઇમેજ હોવા છતાં વિવાદો આદર્શ અહેવાલને લઈને છવાયેલા છે. રાજકીય નેતાઓ સામે પગલાં ન લેવાતા આને લઈને હોબાળો મચેલો છે. શિવસેના સાથે છેડો ફાડી લેનાર એમએનએસનો દેખાવ પણ કોઈ ધરખમ રહેશે નહીં. ગઠબંધનને નુકસાન કરી શકશે નહીં. કોંગ્રેસને જે પ્રકારની સ્થિતિ છે તેવી સ્થિતિ રહેશે નહીં. મહારાષ્ટ્રમાં અન્યોને ૧-૫ સીટ મળી શકે છે. પૃથ્વીરાજ ચૌહાણ સારા નેતા તરીકે ગણવામાં આવે છે. ભાજપ-શિવસેના ગઠબંધનને ૪૪ ટકા મત મળવાની શક્યતા દેખાઈ રહી છે. આમ આદમી પાર્ટીને લઈને કોઈ વધારે ચિત્ર ઉપસી રહ્યું નથી. સર્વે દર્શાવે છે કે આમ આદમી પાર્ટીની કોઈ સ્થિતિ દેખાઈ રહી નથી. મધ્ય પ્રદેશમાં ભાજપ સ્થિતિને વધુમજબૂત કરશે અને તે ૨૩-૨૭ બેઠકો જીતી શકે છે. કોંગ્રેસ ૨-૫ બેઠક જીતી શકે છે. ગુજરાત અને મધ્ય પ્રદેશમાં જોરદાર સપાટો બોલાવાની શક્યતા દેખાઈ રહી છે. છતીસગઢમાં પણ ભાજપ ૫૦ ટકા મત હિસ્સેદારી મેળવી શકે છે. કોંગ્રેસ માટે આ રાજ્યોમાં સ્થિતિ ચિંતાજનક દેખાઈ રહી છે. મધ્ય પ્રદેશમાં કોંગ્રેસના હાથમાં ૨-૫ બેઠક જ આવી શકે છે જે રાહુલ ગાંધી અને સોનિયા ગાંધી માટે નિરાશાજનક સંકેત દેખાઈ રહ્યા છે. મધ્ય પ્રદેશમાં ભાજપની મત હિસ્સેદારી ૫૧ ટકા સુધી થઈ શકે છે. ગુજરાતમાં કોંગ્રેસે ૨૦૦૪ અને ૨૦૦૯ની લોકસભા ચૂંટણીમાં વિધાનસભાની ચૂંટણીની સરખામણીમાં સારો દેખાવ કર્યો હતો.